**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૨૦ ટકા

# શહેરમાં કાર્બાઈડથી પકવેલી કેરીનું ધૂમ વેચાણ

## ફુડ અને આરોગ્ય તંત્ર નિષ્ક્રિય

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના ફ્રૂટ માર્કેટમાં હજુ પણ કેટલાક કેરીના વેપારીઓ રૂપિયા કમાઈ લેવાની લાલચમાં અખાદ્ય કાર્બાઈડ યુકત કેરીઓનું ધૂમ વેચાણ કરી રહ્યા છે. શહેરના કેટલાક વેપારીઓ આજે પણ ખુલ્લેઆમ કેરીના નામે ગ્રાહકોને કાર્બાઈડનું ઝેર આપી આરોગ્યનું નિકંદન કાઢી રહ્યા છે. બજારમાં જાહેરમાં કાર્બાઈડથી પકવેલી કેરીનું વેચાણ વેપારીઓ કરે છે પણ કુંભકર્ણની નિંદ્રામાં મસ્ત ખોરાક ઔષધ નિયમન તંત્ર ચૂપચાપ તમાશો જોઈ રહ્યા છે ત્યારે તંત્ર આવા વેપારીઓ સામે લાલ આંખ કરે તેની તાતી જરૂરીયાત ઉભી થવા પામી છે.

ઉનાળામાં રાજયભરમાં જુદી જુદી જાતની કેરીનું મબલખ ઉત્પાદન થયું છે. ચાલુ વર્ષે કેરીનો પાક સારો થતા રાજયભરના (ફળફળાદી) ફ્રુટમાર્કેટ કેરીની સુગંધથી મહેંકી ઉઠયા છે. બજારોમાં કેરીનો જથ્થો ઠલવાઈ રહ્યો છે. ગાંધીનગરના બજારોમાં પણ કેરી મોટા પ્રમાણમાં વેચાણ અર્થે ગોઠવાઈ ગઈ છે. ત્યારે કેટલાક વેપારીઓ આજે પણ કેરીની સીઝનમાં નાણાં કમાઈ લેવાની લાયમાં કાર્બાઈડથી પકવેલી કેરીનું ધૂમ વેચાણ કરી રહ્યા છે અને ગ્રાહકોના આરોગ્ય સામે ખતરો પેદા કરી રહ્યા છે.

કેરીના વેપારીઓ અપ્રાકૃતિક રીતે ઉષ્ણતામાનમાં કેરીઓનો જથ્થો પકવી રહ્યા છે. આ કાર્બાઈડના તત્ત્વથી ગ્રાહકો કેન્સર જેવા ગંભીર રોગનો ભોગ બની રહ્યા છે તેમ છતાં સ્થાનિક આરોગ્ય તંત્ર અને ફુડ વિભાગ આ વેપારીઓની સામે કાર્યવાહી ન કરી તેમને છાવરી રહ્યા છે તેવો પણ સુર ગ્રાહકોમાં ઉઠવા પામ્યો છે. ફુડ અને આરોગ્ય તંત્ર ગંભીર બની આવા વેપારીઓ સામે તુરંત અને નકકર કાર્યવાહી કરી તેમની સામે પગલાં ભરે તેવી માંગ ઉઠવા પામી છે.



# આઈઆઈટી ખાતે સમર રીસર્ચ ઈન્ટર્નશીપનો પ્રારંભ





ગાંધીનગર, તા.૨૪

આજથી ગાંધીનગર આઈઆઈટી ખાતે 'સમર રીસર્ચ ઈન્ટર્નશીપ પ્રોગ્રામ-૨૦૧૮' નો પ્રારંભ થયો છે. આ કોર્સમાં દેશભરમાંથી કુલ ૧૭૩ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. જેમાં આઈઆઈટી ગાંધીનગરના ૪૭ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આઠ સપ્તાહના આ કાર્યક્રમમાં આઈઆઈટીના ૫૩ ફેકલ્ટી મેમ્બર્સ વિદ્યાર્થીઓને રીસર્ચ પ્રોગ્રામમાં માર્ગદર્શન પુરું પાડશે. આઈઆઈટીના ફલેગશીપ પ્રોગ્રામ સમા આ કોર્સના પ્રારંભે સંસ્થાના ડાયરેકટર પ્રો. સુધીર જૈને વિદ્યાર્થીઓને આવકારતા જણાવ્યું હતું કે 'દરેક શિક્ષણ વ્યકિતને મુશ્કેલીમાંથી માર્ગ દેખાડનારું હોવું જોઈએ. સમર રીસર્ચ ઈન્ટર્નશીપ પ્રોગ્રામ વિદ્યાર્થીઓની સંશોધનાત્મક શકિતને ખિલવવા માટે જ તૈયાર કરવામાં આવ્યો છે જે માટે સંસ્થા ભારતીય અને વિદેશી સંસ્થાઓના સંશોધન ક્ષેત્રે સંકળાયેલા વિદ્યાર્થીઓને આવકારે છે.'

# સે-૨૪માં ઝાડા-ઉલ્ટીના કેસ છતાં ધમધમતી ખાણીપીણીની લારીઓ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પાણીજન્ય રોગચાળો માથુ ઉંચકી રહ્યો છે. શહેરમાં ઘરે ઘરે માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે. ગાંધીનગર સિવિલમાં છેલ્લા અઠવાડીયામાં અંદાજીત દોઢસોથી વધુ ઝાડા-ઉલ્ટીના કેસ નોંધાયા છે. જયારે સે-૨૪ માં ઝાડા-ઉલ્ટીના કેસ સામે આવતા તંત્ર પણ હરકતમાં આવી ગયું છે. તેમ છતા નગરમાં ઠેર ઠેર બિન આરોગ્યપ્રદ ખોરાકની તેમજ ઠંડા પીણાની લારીઓ ધમધમી રહી છે. તંત્રની બેઠકમાં પણ અધિકારીઓને અખાદ્ય ખોરાક નાશ કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. શહેર ધીમે ધીમે રોગચાળાની ગીરફત તરફ છે. આમ છતા સેકટરોમાં ધમધમતી ખાણીપીણીની લારીઓ પર ખાદ્ય સામગ્રીની ગુણવત્તા ચકાસવાના મુદે ભારે નીરસતા સેવાઈ રહી છે. આવા સંજોગોમાં આકરી ગરમીના દિવસોમાં જન આરોગ્ય સામે બંન્ને તરફથી ખતરો મંડરાયો છે. એક તરફ નગરનું જનજીવન ગરમીથી આકુળ વ્યાકુળ છે. આકરી ગરમીમાં જનઆરોગ્ય પર વિપરીત અસર જોવા મળી રહી છે. ત્યારે બજારમાં વેચાણ થતી અવનવી ખાદ્ય સામગ્રીઓના ઉપયોગમાં લેવાતી ચીજવસ્તુઓની પણ તંત્ર દ્વારા કોઈ ચકાસણી ના થતા જનઆરોગ્યનો મુદ્દો રામ ભરોસે છે. શહેરમાં અંગ દઝાડતી ગરમી પડી રહી છે. જેને પગલે નાગરીકો ગરમીથી રાહત મેળવવા માટે ઠંડી ચીજવસ્તુઓ આરોગી રહ્યા છે. જેમાં લસ્સી, ફ્રુટ સલાટ, આઈસ્ક્રીમ, શેરડીનો રસ, લીંબુ સીંકજી, સહિતની લારીઓ ખડકાયેલી જોવા મળે છે. તો બીજી તરફ વિવિધ બિન આરોગ્યપ્રદ નાસ્તાની લારીઓ ધમધમી રહી છે.નાગરીકો બિન આરોગ્યપ્રદ ખોરાકથી રોગચાળાના શિકાર બની રહ્યા છે. ત્યારે સરકારી બેઠકોમાં તંત્રના અધિકારીઓને જનઆરોગ્યને ધ્યાને રાખીને શહેરમાં ધમધમતી આવી લારીઓ પર તવાઈ લાવવાની જરુરીયાત ઉભી થવા પામી છે.તેમજ શહેરની લારીઓ પરથી બિન આરોગ્યપ્રદ ખોરાક દુર કરવો જોઈએ. ઝાડા-ઉલ્ટીના કેસ છતા શહેરમાં હાલના સમયે ખાણીપીણીની લારીઓ ખુલ્લેઆમ ધમધમી રહી છે. ત્યારે તંત્રએ પણ આવા વેપારીઓ સામે લાલ આંખ કરવાની જરૂરીયાત ઉભી થવા પામી છે.

# સે-૩ વગડાવાળી માતાજીના મંદિરે કાનૂની જાગૃતિ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૨૪

શહેરના સે-૩માં આવેલા વગડાવાળી માતાજીના મંદિરે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ-ગાંધીનગર દ્વારા કાનૂની જળ જાગૃતિ શિબિરનું આયોજન કરાયું હતું.

આ શિબિરમાં પીએલવી દિનેશભાઈ દવે, જયરામભાઈ સોની, અનિલ કકકડ દ્વારા વિલ-વારસાઈ કાયદાની સમજ આપી હતી. ઉપરાંત યુવા વર્ગમાં ફાસ્ટ ફૂડ, જંક ફૂડ, કોલ્ડ્રીંકસ જેવા બજારુ ખોરાકના વધી રહેલા ક્રેઝ સામેની બાબતો અંગે માહિતી આપી વાકેફ કર્યા હતા.

આ શિબિરમાં ખોરાકમાં સ્વાદ, સુગંધની લાંબા સમય સુધી જાળવણી કરવા, આકર્ષક બનાવવા સારું વપરાતા કેમીકલ અંગે માહિતીગાર કર્યા હતા. આવા ખોરાકથી થતી વિવિધ બિમારીની વિશેષ જાણકારી આપી હતી.

આ શિબિરમાં ઉત્તર ગુજરાત યુનિવર્સિટી લૉ ફેકલ્ટીના ડીન ડૉ. પંકજ પંડયા હાજર રહ્યા હતા. તેઓએ આ પ્રકારની જન જાગૃતિના કાર્યક્રમો થકી હાજર રહીને ભાગ લેવા અનુમોદન આપ્યું હતું.



# ગાંધી મિત્ર વર્તુળની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધી મિત્ર વર્તુળ ગાંધીનગરની માસિક બેઠક તા. ૨૬ મે ને શનિવારના રોજ સાંજે ૫ કલાકે અમૃતભાઈ ત્રિવેદીના પ્લોટ નં- ૬૨૯ વાસ્તુ નિર્માણ સોસાયટી સેકટર-૨૨ ગાંધીનગર ખાતે યોજાશે તેમ સંસ્થાના પ્રમુખે જણાવ્યું છે.

# માલધારી સંગઠન ગાંધીનગરના પ્રમુખ તરીકે સહદેવ રબારીની વરણી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર જિલ્લા માલધારી સંગઠનની બેઠક તાજેતરમાં મળી હતી. જેમાં પ્રમુખ તરીકે સહદેવભાઈ રબારી (આદરજ)ની નિમણુંક સર્વાનુમતે કરવામાં આવી છે. માલધારી સંગઠન સમાજમાં શિક્ષણની પ્રેરણા, બ્લડકેમ્પનું આયોજન કરવામાં આવશે તેમજ સરકારની વિવિધ યોજના અને નાગરીકોને મળતા વિવિધ લાભો અંગે સમાજને વાકેફ કરવામાં આવશે. આ સંગઠન સમાજના કુરીવાજો દુર કરવા, તેમજ સાક્ષરતા અભિયાન અંતર્ગત સેમીનારો યોજવામાં આવશે અને સમાજને વધુ જાગૃત કરવામાં આવશે.

# લવાડ રોડ પરથી રૂ. ૩૫૯૦ના મુદામાલ સાથે વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૪

દહેગામ તાલુકાના જોરાવરનગરની સીમમાં લવાડ રોડ ઉપર એક શખ્સ વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો હોવાની બાતમી આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડીને વરલી મટકાનો જુગાર રમાડતા શખ્સને દબોચી લીધો હતો. જોરાવરનગર ટેકરાના આ શખ્સની રૂ. ૩૫૯૦ના મુદ્દામાલ સાથે એલસીબીએ ધરપકડ કરી લઈ ઉંડી પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. તરલ ભટ્ટની સુચનાથી તેમની ટીમ દારુ જુગારની પ્રવૃત્તિઓ સદંતર બંધ કરાવવા કવાયત કરી રહી છે ત્યારે એએસઆઈ હજારીસિંહ, હેડ કોન્સ્ટેબલ ભવાનસિંહ, અમરતભાઈ, કોન્સ્ટેબલ હરેન્દ્રસિંહ સહીતની ટીમ દહેગામ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી દરમિયાન એએસઆઈ હજારીસિંહને મળેલી બાતમી આધારે દહેગામના જોરાવરનગર ટેકરા લવાડ રોડ પર દરોડો પાડયો હતો. જોરાવરનગરના આદમ ઈસ્માઈલ મન્સુરીને એલસીબીની ટીમે વરલી મટકાના સાહિત્ય તથા રોકડ રૂ. ૩૫૯૦ના મુદ્દામાલ સાથે દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



# રાયસણના સાર્થક હોમ્સમાં આરઆરસેલનો દરોડો

## આઈપીએલ પર ક્રિકેટ સટ્ટો રમાડતા બે સટ્ટોડિયાઓ ઝડપાયા : સેલે ભેદી કારણોસર મીડીયાથી માહિતી છુપાવી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર આર.આર. સેલ દ્વારા રાયસણ ગામની સીમમાં પીડીપીયુ રોડ ઉપર સાર્થક હોમ્સમાં દરોડો પાડી બે સટ્ટોડીયાઓને આઈપીએલ ક્રિકેટ ઉપર સટ્ટો રમાડતા પકડી પાડવામાં આવ્યા હતા. રૂ. ૭ હજારના મુદ્દામાલ સાથે બંને સટ્ટોડીયાઓ સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કર્યે ચાર દિવસ થઈ ગયા પરંતુ સેલે ભેદી કારણોસર આ માહિતી મીડીયાથી છુપાવી હતી. ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં આ મામલે ગુનો દાખલ થવા પામ્યો હતો.

ગાંધીનગર આર.આર.સેલના પીએસઆઈ ભાવેશ રબારી તથા તેમની ટીમે ચાર દિવસ પહેલા રાયસણ પાસે પીડીપીયુ રોડ ઉપર આવેલા સાર્થક હોમ્સમાં દરોડો પાડયો હતો. મકાન નં. ૩૦માં દરોડો પાડી મુંબઈ ઈન્ડિયન્સ અને દિલ્હી ડેર ડેવીલ્સ વચ્ચે ચાલતી ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમાડી રહેલા બે શખ્સોને સેલે રંગે હાથ પકડી પાડયા હતા. માણસાના પ્રદિપ મનુ ગજ્જર અને ઘાટલોડીયાના કૃણાલ જીતેન્દ્ર શાહ સટ્ટો રમાડતા ઝડપાઈ ગયા હતા. સ્થળ પરથી સેમસંગ મોબાઈલ, ઈન્ટેક્ષનો મોબાઈલ, માઈક્રોમેકસ મોબાઈલ, એરટેલનું સેટઅપ બોક્ષ અને ટીવી મળી કુલ રૂ. ૭ હજારનો મુદ્દામાલ જપ્ત કરી ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કર્યો હતો. કોડવર્ડમાં સટ્ટાના આંકડા તથા ગ્રાહકોના નામો લખેલો ચોપડો પણ સ્થળ પરથી મળી આવ્યો છે. આ સમગ્ર પ્રકરણ પર પડદો ઢાંકી દઈ મીડીયાથી સેલે અને ઈન્ફોસીટી પોલીસે માહિતી છુપાવતા અનેક શંકા-કુશંકાઓ સેવાઈ રહી છે.

# બીબીએ કોલેજ ખાતે પાણી બચાવો-પક્ષી બચાવો સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરની બીબીએ કોલેજ ખાતે 'પાણી બચાવો-પક્ષી બચાવો' બાબતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર ગુજરાત રાજયમાં સર્જાયેલી જળ સંકટની સ્થિતિમાં મેનેજમેન્ટના વિદ્યાર્થીઓએ કેવી રીતે જળનિયમન કરવું તે અંગે આ સેમિનારમાં માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રમાકાંત પૃષ્ટિએ દેશમાં પ્રવર્તમાન અર્ધદુષ્કાળ જેવી સ્થિતિમાં પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ માટે વિદ્યાર્થીઓને સમજાવ્યા હતા. કાર્યક્રમના મુખ્ય વકતા ડૉ. જયેશ તન્નાએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ વેકેશનમાં હકારાત્મક પ્રવૃત્તિઓમાં જોડાવું જોઈએ. આ સાથે તેમણે સૌરાષ્ટ્ર-કચ્છમાં પ્રવર્તમાન પાણીની સમસ્યા અંગે માહિતી આપવા સાથે મનુષ્ય ઉપરાંત પશુ પંખીને પણ પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવી જરુરી હોવાનું જણાવ્યું હતું.



આ સેમિનાર થકી વિદ્યાર્થીઓએ વેકેશનમાં પોતાના રહેઠાણની આસપાસમાં નાગરિકોને પાણીનો વ્યય ના કરવા સમજાવવાનો નિર્ણય કર્યો હતો તેમજ પક્ષીઓ માટે પાણીના કુંડા અને પક્ષી માળા બનાવી પક્ષીઓને બચાવવા પ્રયત્ન કરવા નિર્ધાર કર્યો હતો. કાર્યક્રમમાં કોલેજના ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા પણ વિદ્યાર્થીઓને પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા માર્ગદર્શન પુરું પડાયું હતું.

# મહુન્દ્રા પાસે બે ગાડીઓ વચ્ચે ગમખ્વાર અકસ્માત

## મહુન્દ્રાથી દશેલા જતા રોડ પર કુતરું આડુ આવતા એકટીવા સ્લીપ ખાઈ ગયું : યુવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨૪

ચિલોડા આસપાસ ચોવીસ કલાકમાં ત્રણ મોટા માર્ગ અકસ્માતો સર્જાયા હતા જેમાં બે માર્ગ અકસ્માતમાં બેના મૃત્યુ થયા હોવાનું જાણવા મળ્યું છે. જયારે ત્રીજા અકસ્માતમાં વાહન સવારોને સામાન્ય ઈજાઓ થવા પામી હતી. ગઈ કાલે મહુન્દ્રા પાટીયા પાસે બે ગાડીઓ વચ્ચે થયેલા ગમખ્વાર અકસ્માતમાં અલ્ટો ગાડીનો ખુડદો બોલી ગયો હતો જેમાં એકનું મૃત્યુ થયું હતું. જયારે આજે બપોરે મહુન્દ્રા-દશેલા રોડ ઉપર કુતરું આડે આવતા એકટીવા સ્લીપ ખાઈ જતા એકનું મૃત્યુ નિપજયું હતું. ચિલોડા પોલીસે ઘટના અંગે ગુનો નોંધી પીએસઆઈ ટી.આર. રાઠવાએ તપાસ શરુ કરી છે.



હિંમતનગર તરફથી ચિલોડા તરફ આવી રહેલી અલ્ટો કે-૧૦ ગાડી નં. જીજે ૩૧ એ ૧૨૧૯ અને મહિન્દ્રા ગાડી નં. જીજે-૨૭ ડી.એચ. ૦૫૧૩ બંને વચ્ચે ગઈકાલે સમી સાંજે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં અલ્ટો કે-૧૦ ગાડીના આગળના ભાગેથી ફુરચા ઉડી ગયા હતા અને તેમાં સવાર મેઘરજના હિંમતપુર ગામના યુવાન અશોકભાઈ ભલાભાઈ ભાટીનું કમકમાટી ભર્યું મૃત્યુ નિપજયું હતું. જયારે આ ઘટનામાં અન્ય ત્રણ ઘાયલ થનારને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા તો બીજી તરફ આ રોડ ઉપર જ આજે એક માર્ગ અકસ્માત થયો હતો. સદભાગ્યે આમાં કોઈ જાનહાની થવા પામી ન હતી તે ઉપરાંત મહુન્દ્રાથી દશેલા તરફ એકટીવા નં. જીજે ૧૮ બીએ ૨૪૧૦ લઈને જઈ રહેલા મગોડી ગામના યુવાન અર્પિતાસિંહ ઝીલુસિંહ વાઘેલાને અકસ્માત નડયો હતો. રસ્તામાં કુતરું આડે આવતા એકટીવા સ્લીપ થઈ ગયું હતું. જેમાં ઘવાયેલા અર્પિતસિંહનું મૃત્યુ નિપજયું હતું.

## @ગાંધીનગર

● ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા સાંજે ૪ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન સે-૧૨ ખાતે મળશે.

## વાતવાતમાં

● ગાંધીનગરના પોલિસ અધિક્ષક તથા અધિક પોલીસ અધિક્ષક દ્વારા શહેરમાં વર્ષ ૨૦૦૭થી અત્યાર સુધીમાં ગુમ કે અપહરણ થયેલ બાળકોને શોધી કાઢવાની ઝુંબેશ ચલાવવા સૂચના આપવામાં આવી છે. આ અંતર્ગત પોલીસ કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહે સે-૨૧ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૪માં નોંધાયેલ ફરિયાદમાં ગુમ થયેલ બાળ અને તેની માતાને શોધી કાઢયા છે.

● આઈએએસ પ્રોબેશ્નરી અધિકારીઓના એક જુથે ગુરુવારે ગાંધીનગર ખાતે રાજયપાલની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે આઈએએસની પરીક્ષા માટે તાલીમ આપતી સંસ્થા સ્પીપાના ઉચ્ચ અધિકારીઓ પણ જોડાયા હતા.

# આજે નિફટ ખાતે ટેકનોવા પ્રોજેકટસનું પ્રદર્શન

ગાંધીનગરના ઈન્ફોસીટી વિસ્તાર સ્થિત જાણીતી સંસ્થા નિફટ ખાતે ૨૪૩ વિદ્યાર્થીઓ દ્વારા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાનો અભ્યાસક્રમ પૂર્ણ કરવામાં આવ્યો છે. આ વિદ્યાર્થીઓએ તેમના અંતિમ સેમેસ્ટરમાં ફેશન, જવેલરી અને ડીઝાઈન ક્ષેત્રની જુદી જુદી કંપનીઓ સાથે મળીને તૈયાર કરેલ અદ્યતન ડિઝાઈનોનું પ્રદર્શન તા. ૨૫મી મે શુક્રવારે સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન યોજાનાર છે.

આ પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ દ્વારા ડિઝાઈન કરેલ ઈર્ગોનોમિક બેગ જે ઈકોમર્સના ડિલીવરી બૉયઝ વાપરે છે એઆરસી રેટેડ આગ પ્રતિરોધક રેઈનલેર, એફોર્ડેબલ ઈર્ગોનોમિક સ્કુલ બેગ, ફેબ્રિક કટીંગમાં વેસ્ટ મેનેજમેન્ટ જેવી પ્રોડકટસને સમાવી લેવામાં આવી છે. આ ફેશન શૉમાં બે દિવ્યાંગ વિદ્યાર્થીઓ શ્વેતા બૌધ અને સ્વાતિ બૌધ દ્વારા ડિઝાઈન કરેલ એડેપ્ટીવ વસ્ત્રોનું પ્રદર્શન પણ યોજાશે.

# ચોરીના એકટીવા સાથે એક શખ્સ પકડાયો

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પી.આઈ. વી.એન. યાદવની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન એક વાહન ચોરને ચોરીના એકટીવા સાથે ટીમે દબોચી લીધો હતો. ચરેડી છાપરામાં રહેતા હરેશ ઉર્ફે ચીકુ અમરત જાદવને જીજે ૦૧ ડીબી ૨૬૮૩ નંબરના ચોરીના એકટીવા સાથે પકડી પાડી તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શનિવારે રૂદ્રાભિષેક મંડળની મીટીંગ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના રૂદ્રાભિષેક મંડળ દ્વારા સે-૨૮માં દત્તમંદિર ખાતે તા. ૨૬મી મે શનિવાર સાંજે ૫ કલાકે પવિત્ર અધિક પુરુષોત્તમ માસમાં વિષ્ણુ યાગ કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ યાગના યજમાન, ભાવપુષ્પ, સમય વગેરે બાબતોનો નિર્ણય કરવા મીટીંગનું આયોજન કરેલ છે જેમાં મંડળના તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. જયાબા લક્ષ્મણસિંહ બિહોલા, ઉ.વ. ૧૦૭